
## જન્મદિને વધામણી



કનુભાઈ પંચાલ



દેવીન્દ્રાબેન જી સુથાર
મો. ૯૪૦૯૩ ૨૩૧૦૫



યુવરાજ દિનેશકુમાર રાઠોડ
મો. ૯૮૯૮૭ ૩૦૬૨૭



યક્ષી કે ચૌહાણ
મો. ૯૫૩૭૮ ૯૭૯૧૨



ધનરાજસિંહ કરણસિંહ બિહોલા



હેતાંશ અંકિત લાલવાણી
મો. ૯૪૨૯૬૧૯૬૧૪

## સૅફ્રોની ડિપ્લોમા કૉલેજનું ગાંધીનગર ઝોનમાં જવલંત પરિણામ આવ્યું

ગાંધીનગર, તા. ૧૭

વિન્ટર-૨૦૧૭માં જીટીયુ દ્વારા લેવાયેલી ડિપ્લોમા પ્રથમ સૅમેસ્ટરની પરીક્ષાનું પરિણામ આવ્યું છે. જેમાં ઍસપીબી પટેલ ઍન્જિનીયરિંગ કૉલેજ (ડિપ્લોમા કોર્સિસ)નો ગાંધીનગર ઝોનમાં ઑટોમોબાઈલ અને સિવિલ ઍન્જિનીયરિંગ બ્રાન્ચમાં પ્રથમ ક્રમાંક આવ્યો છે. સંસ્થાના આચાર્ય પ્રૉ. ઍમ ઍ પટેલ, સ્ટાફ મિત્રો તથા ટ્રસ્ટીગણે પ્રથમ સૅમેસ્ટરના વિદ્યાર્થીઓને તેમની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

## રવિવારે અમદાવાદમાં ચેટીચંડની શોભાયાત્રા

ગાંધીનગર, તા. ૧૭

ચેટીચંડ સિંધી ફેસ્ટિવલ કલ્ચરલ કમિટી, ચેટીચંડ ડે કમિટી અને ચેટીચંડ મેલા કમિટીના સંયુક્ત ઉપક્રમે તા.૧૮મી માર્ચ, રવિવારે સિંધી સમાજના નવા વર્ષ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સિંધી સમાજનાં સંતો સાંઈ સંજયકુમાર અને સંત મોનુરામ બપોરે ૨ વાગ્યે નરોડા પાટિયાથી કરાવશે. જેમાં ૧૦૦થી વધુ ટ્રક, ઊંટગાડી, બહેરાણા સાહેબ રહેશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૧૫ લાખથી ?વધુ સિંધી ભાઈ-બહેનોની વસતી છે અને અમદાવાદમાં સિંધી સમાજની વસતી પાંચ લાખથી વધુ છે.

શોભાયાત્રાના કન્વીનર બલરામ થાવાણી, મનોજ કુકરાણી, ગોપાલદાસ ભોજવાણીએ જણાવ્યું કે આ શોભાયાત્રામાં જુદી-જુદી શણગારેલી ઝાંખીઓ રહેશે. જેમકે, ‘બેટી બચાવો, બેટી પઢાવો‘, ભ્રષ્ટાચાર મુક્તિ, દહેજ મુક્તિ વગેરેનો સંદેશો પણ અપાશે. સાથે જ શિવ-પાર્વતી, ભગવાન ઝુલેલાલ સહિતની ઝાંખીઓ રહેશે. સાથે સિંધી લોકનૃત્ય-છેજ, જુદા-જુદા કરતબો કરતાં યુવાનો, ડી.જે., બેન્ડવાજા સાથે આ શોભાયાત્રા યોજાશે. .

તેમણે જણાવ્યું કે આ શોભાયાત્રા નરોડા પાટિયાથી નીકળી કુબેરનગર રેલવે ક્રોસિંગ, રાજાવીર સર્કલ, જી-વોર્ડ, માયા સિનેમા રોડ, કોતરપુર, હાંસોલ, ભીલવાસ, આંબાવાડી, સરદારનગર થઈને રણમુક્તેશ્વર મહાદેવ થઈને સાબરમતી નદીમાં લાલ સાંઈની જ્યોત પરવાન કરાશે. આ પ્રસંગે શોભાયાત્રાનું ઠેર-ઠેર સ્વાગત થશે અને શરબત-છાશ-પ્રસાદીનું પણ વિવિધ સ્થાનોએ વિતરણ કરાશે. તા.૨૫મી માર્ચ રવિવારે સાંજે ૭ વાગ્યે રાધે ફાર્મ, ઈન્દિરા બ્રિજ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં ચેટીચંડના દિવસે યોજાયેલી સુંદર ઝાંખીઓ, છેજ વગેરેમાં ભાગ લીધેલી શ્રેષ્ઠ ટોપ-૧૦ ઝાંખીઓને શિલ્ડ અને જુદી-જુદી સન્માન ભેટ મુખ્યમંત્રીના હસ્તે અપાશે. જેમાં સિંધી સમાજનાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

## બીકૉમ સૅમેસ્ટર-૨નાં પરિણામોમાં નવગુજરાત કૉમર્સ કૉલેજ ઝળકી

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીકૉમ સૅમેસ્ટર-૨નાં પરિણામો જાહેર કરવામાં આવ્યાં છે. નવગુજરાત કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૮, ગાંધીનગરના ૨૮૬ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી, જે પૈકી ફક્ત ૧૦ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા છે. ૧૭૩ વિદ્યાર્થીઓ ફર્સ્ટ ક્લાસ કે ડિસ્ટીંક્શનથી ઉત્તીર્ણ થયા છે. કૌશલ પ્રજાપતિએ ૭૦૦માંથી ૫૯૯ ગુણ લાવી કૉલેજમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. કૉલેજના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ અને વિષયદીઠ સૌથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને શ્રી સોમનાથ કેળવણી મંડળ દ્વારા ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું.

## રાજ્યકક્ષાના રમતોત્સવમાં માણેકબા અધ્યાપન મંદિર ઝળક્યું





જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા ડીઍલઍડ અને ડાયેટના અધ્યાપકો તથા પ્રશિક્ષણાર્થીઓ માટે સુરત ખાતે રાજ્યકક્ષાના રમતોત્સવમાં શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ ખાતે અધ્યાપન મંદિરની ૧૬ તાલીમાર્થી બહેનો અને બે અધ્યાપક ભારતીબેન છત્રોલા અને રીટાબેન ચૌધરીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વ્યક્તિગત ઈવેન્ટમાં પાયલ ભીખાભાઈ કાગડિયાએ ગોળાફેંકમાં રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પ્રેમિલા મકનભાઈ ડામોરે દિવ્યાંગ તાલીમાર્થીની કૅટેગરીમાં ચક્રફેંકમાં રાજ્યમાં પ્રથમ સ્થાન અને ગોળાફેંકમાં દ્વિતિય સ્થાન મેળવ્યું હતું. અધ્યાપકો માટેની ઈવેન્ટમાં રીટાબેન ચૌધરીએ ગોળાફેંકમાં રાજ્યમાં દ્વિતિય સ્થાન તથા ભારતીબેન છત્રોલાએ ૧૦૦ મીટર દોડની રમતમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. સાંઘિક રમતમાં અધ્યાપનની તાલીમાર્થી બહેનોએ ખો-ખોની રમતમાં રાજ્યમાં ત્રીજું સ્થાન મેળવી અધ્યાપન મંદિરનું નામ રોશન કર્યું હતું. તાલીમાર્થી બહેનોએ મેળવેલી સિદ્ધિ બદલ સંસ્થાનાં આચાર્ય સુરેખાબેન ચૌધરી અને નિયામક સ્મતાબેન દવેએ તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## કે. કે. પટેલ વિદ્યાલય ખાતે વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો





શ્રીમતી કે.કે.પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે તાજેતરમાં શ્રી અખંડાનંદ આર્યુવેદિક કોલજ, અમદાવાદ દ્વારા રચાયેલ વ્યસન મુક્તિ કાર્યક્રમમાં આર્યુવેદિક કોલેજ થી આવેલા વિદ્યાર્થીએ પ્રવચન આપ્યુ હતું. તેમા વ્યસન મુક્તિ વિશે ઘણી માહિતી આપી તેમા વ્યસન કઈ રીતે થાય ? આ વ્યસન કઈ રીતે દૂર કરવુ. વ્યસન થી કેવા કેવા રોગો થાય છે તે અમારા વિદ્યાર્થીને માહિતી આપી તેમજ વ્યસનના કારણો કેટલા પૈસાનો મહિને વ્યય થાય છે અને વ્યસન ના કારણે કેટલા લોકો મૃત્યુ પામે છે એ પણ માહિતી આપી. આવેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાના શિક્ષક શ્રી પ્રકાશભાઈ પટેલે કર્યુ અને શાળાના આચાર્ય મેડમશ્રી શ્રીમતી ભાવનાબા વાઘેલા દ્વારા કાર્યક્રમ અંતર્ગત પ્રાસંગિક પ્રવચન આપ્યુ. આભાર દર્શન વિભુતીબહેન જાદવે કર્યુ હતુ. સમગ્ર સટાફે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## પી. જી. મેડિકલ માટે ૨૬૮૦ પીનનું વિતરણ ૧૨૮૪ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું

ગાંધીનગર, તા. ૧૭

પી. જી. મેડિકલમાં પ્રવેશ માટે ચાલતી કાર્યવાહીમાં બીજા દિવસે ૨૬૮૦ જેટલી પીનનું વિતરણ થયું હતું. જે પૈકી ૧૨૮૪ જેટલા વિદ્યાર્થીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. જયારે ૫૮૪ વિદ્યાર્થીઓએ પોતાના રજિસ્ટ્રેશન બાદ વેરિફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દીધી છે. બીજીબાજુ નીટ દ્વારા લેવાયેલી પરીક્ષા બાદ ઊભા થયેલા વિવાદના કારણે અનેક વિદ્યાર્થીઓએ ફરિયાદો કરી હતી. જેના પગલે અંદાજે ૮૦થી વધારે વિદ્યાર્થીઓ નવા પાસ જાહેર કરવામાં આવ્યા છે. સુધારેલી મેરિટયાદી આવતીકાલે પ્રવેશ સમિતિને મળે તેવી શકયતા છે. પી.જી.મેડિકલમાં ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકોની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ગુજરાત સહિત કોઈપણ રાજયની પી.જી.બેઠકો માટે કાર્યવાહી શરૂ થઈ શકે તેમ નથી.

## આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ સવારનો સમય પૂજન માટે શ્રેષ્ઠ

### વર્ષની ત્રીજી અને અંતિમ શનૈશ્વરી અમાસ ૧૧મી ઓગસ્ટે

ગાંધીનગર, તા. ૧૭

તા.૧૮મી માર્ચથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે અને આજે તા.૧૭મીએ ફાગણ મહિનાની શનૈશ્વરી અમાસ છે. શનૈશ્વરી અમાસની મહત્તા એ છે કે, આ દિવસ પિતૃકૃપા, શનિની પીડામાંથી શાંતિ મેળવવા માટેનો ઉત્તમ દિવસ હોય છે. સાથે જ વિવિધ દોષોમાંથી મુક્ત થવા માટે પણ વિશિષ્ટ આયોજન કરવામાં આવે છે. ખાસ કરીને આ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દ્વારા વિશિષ્ટ જાપ-અનુષ્ઠાન અને પૂજન કરવામાં આવે છે. જ્યોતિષીઓ જણાવે છે કે સમગ્ર ચૈત્ર મહિનો પર્વ, તહેવારથી યુક્ત જોવા મળતો હોય છે, પરંતુ આ વર્ષે એટલે કે વિક્રમ સંવત-૨૦૭૪માં, ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ રવિવારથી થાય છે. ચૈત્રી પૂર્ણિમા કે જે દિવસે હનુમાન જયંતી હોય છે, આ દિવસે યોગાનુયોગ શનિવાર આવે છે. ખાસ કરીને ચૈત્રી અમાસ કે જે સોમવારે આવે છે, માટે આ દિવસનું પણ સૌથી વધુ માહાત્મ્ય છે. જ્યારે ચૈત્રી નવરાત્રિએ થતાં ઘટ સ્થાપન, જ્વારારોપણ, અખંડ દીપ સ્થાપનનો સમય આપતાં તેમણે જણાવ્યું હતું કે, વિક્રમ સંવત-૨૦૭૪ના રોજ ચૈત્ર સુદ પ્રતિપદા, રવિવાર, તા.૧૮ માર્ચે વિવિધ જપ-તપ-અનુષ્ઠાનનો પ્રારંભ કરવા માટેનો શુભ સમય સવારે ૮.૨૧થી ૧૦.૫૭નો છે.

વિક્રમ સંવત-૨૦૭૪ની બીજી શનૈશ્વરી અમાસ ફાગણ મહિનામાં આજે તા.૧૭મી માર્ચે આવી છે. ત્યારબાદ આ વર્ષની ત્રીજી અને અંતિમ શનૈશ્વરી અમાસ અષાઢ મહિનામાં તા. ૧૧મી ઓગસ્ટના રોજ આવશે. અગાઉ કારતક મહિનામાં જ શનૈશ્વરી અમાસ આવી હતી. આ દિવસે હનુમાનજી અને શનિ મંદિરોમાં ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે જતાં હોય છે. ખાસ કરીને આ દિવસ પિતૃકાર્ય માટે ઉત્તમ હોવાથી આ દિવસે શ્રાદ્ધ-તર્પણ પણ કરી શકાય છે. આ દિવસે પીપળાનું પૂજન અને પ્રદક્ષિણા પણ કરી શકાય છે. શક્ય હોય તો આ દિવસે ‘ઓમ્ નમો ભગવતે વાસુદેવાય‘ મંત્રનો જાપ કરી શકાય છે. સાથે જ ‘ઓમ્ વિષ્ણવે નમઃ‘ મંત્રનો જાપ પણ કરી શકાય છે. શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પઠન પણ પિતૃઓની કૃપા મેળવવા માટે કરી શકાય છે.

## હાઈકોર્ટના છ ન્યાયાધિશે કાયમી જજ તરીકેના શપથ ગ્રહણ કર્યા

### ગત મહિને સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા હાઈકોર્ટના છ જજોને કાયમી ન્યાયાધિશ તરીકે નિમણૂક કરવાના નિર્ણયને મંજૂરીની મહોર લગાવી હતી

ગાંધીનગર, તા. ૧૭

ગત મહિને સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા હાઈકોર્ટના છ જજોને કાયમી ન્યાયાધિશ તરીકે નિમણૂક કરવાના નિર્ણયને મંજૂરીની મહોર લગાવી હતી. ત્યારબાદ આ છ જજોને હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડીએ કાયમી જજ તરીકેના શપથ લેવડાવ્યા હતા. રાજ્યના કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પણ શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ આર.પી. ધોલરિયા, જસ્ટિસ એ.જે. શાસ્ત્રી, જસ્ટિસ બીરેન વૈષ્ણવ, જસ્ટિસ એ.એસ. સુપૈયા, જસ્ટિસ બી.એન. કારિયા અને જસ્ટિસ એ.વાય. કોગજેની કાયમી જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ જજોને કાયમી જજ તરીકે નિયુક્ત કરવા અંગેની ભલામણ ગુજરાત હાઈકોર્ટ કોલેજિયમ દ્વારા ગત વર્ષે ત્રીજી મે અને ૧૪મી સપ્ટેમ્બરના રોજ રાજયના મુખ્યમંત્રી અને રાજ્યપાલની સંમતિથી કરવામાં આવી હતી. જે પૈકી જસ્ટિસ આર.પી. ધોલરિયાનો એડિશનલ જજ તરીકેનો કાર્યકાળ આ વર્ષે ત્રીજી મેના રોજ પૂર્ણ થવા જઈ રહ્યો છે. જ્યારે કે અન્ય પાંચ જજોનો કાર્યકાળ પાંચમી એપ્રિલે પૂર્ણ થવાનો છે.

આ જજોને કાયમી જજ તરીકે બઢતી આપવાના નિર્ણયનું સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા પારદર્શિતાથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે તમામ રેકોર્ડ, હાઈકોર્ટ કોલેજિયમની ભલામણ, રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા મંતવ્યો અને જજમેન્ટ ઈવેલ્યુશન કમિટીના અહેવાલના આધારે કોલેજિયમે આ સાતેય જજોને એડિશનલ જજથી કાયમી જજ તરીકે નિમણૂક કરવા યોગ્ય હોવાનું નોંધ્યું હતું. તમામ મૂલ્યાંકન અને ભલામણના અંતે સુપ્રીમની કોલેજિયમે તેમને કાયમી જજ નિમવાનો નિર્ણય કર્યો હતો.

## દરિયાખાન ઘુમ્મટના પૂર્વ વસાહતીઓનું સ્નેહ સંમેલન ગાંધીનગર ખાતે મળશે

ગાંધીનગર, તા.૧૭

૧૯૭૦ વર્ષમાં દરિયાખાન ઘુમ્મટ ‘એ’ કોલોનીમાંથી છૂટા પડ્યા બાદ ૨૦૦૮માં આ વસાહતીઓનું એક સ્નેહ સંમેલન યોજાયું હતું, જેને સૌ તરફથી ખૂબ સારો પ્રતિભાવ મળ્યો હતો. આજે લગભગ ૪૮ વર્ષ વીતવી છતાં પણ સૌ વસાહતીઓ વચ્ચે એટલી જ લાગણી અને સ્નેહની ભાવના જળવાઈ રહી છે. ૨૦૦૮માં મળેલા એ અભૂતપૂર્વ પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને આવું જ એક સ્નેહ સંમેલન ૨૭ મે, ૨૦૧૮ના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનમાં સક્રિયપણે ભાગ લેવા તથા વધુ માહિતી મેળવવા અંગે રણજિતભાઈ દેસાઈ (૯૮૨૫૧ ૯૫૮૯૪), ડૉ. અનિલ વેદ (૯૪૨૮૦ ૧૮૨૮૪), મુકેશ વેદ (૯૮૨૫૧ ૯૩૧૦૫), ચંદ્રકાન્ત સુરતી (જીપુ-૯૮૨૫૦ ૧૯૪૬૦), હીરેન દેસાઈ (૯૯૦૯૨ ૬૩૭૩૭), જિતેન્દ્ર પટેલ (૯૮૨૮૨ ૧૭૮૪૭)નો સંપર્ક સાધવા માટે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ દ્વારા અંધજન મંડળની મુલાકાત

ગાંધીનગર, તા.૧૭

શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા અંધજન મંડળની મુલાકાત લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દિવ્યાંગ બાળકો સાથેની મુલાકાતમાં પ્રશ્નોત્તરી, સામાન્ય જ્ઞાનને સંલગ્ન ક્વિઝનું આયોજન કરી આ મુલાકાતને રસપ્રદ બનાવી હતી. ત્યારબાદ દિવ્યાંગ બાળકો સાથે અંતાક્ષરીની પણ મજા લીધી હતી. સંસ્થાના વડા પુનાનીસર દ્વારા બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. ફિઝીયોથેરાપી સેન્ટર, સ્વાવલંબન યોજના, આર્ટીફિશીયલ ઓર્ગન પાર્ટ, સ્કૂલ અને દરેક સેન્ટરની ગતિવિધિનો અહેવાલ શારદાબેન ખત્રી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ડૉ. ઊર્વિ અમીન અને પ્રૉ. કલગી શાહ દ્વારા સ્ટડી ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંસ્થાના વડા ડૉ. બી કે નિર્મલ દ્વારા આવા અનેક સમાજઉપયોગી અને વિદ્યાર્થીના વિકાસ માટેના કાર્યક્રમ સતત થતા રહે છે.

## ‘વિશ્વાસનું ઍવરેસ્ટ’ અરુણિમા બનશે ગાંધીનગરની મહેમાન

### વૉલીબૉલની રમતમાં આગળ વધવું અને દેશને સન્માન અપાવવું એ એનું કાયમનું સ્વપ્ન હતું, એ માટે પોતે પ્રયત્નરત પણ હતી અને એ જ કારણે પોતે અભ્યાસ પૂર્ણ કરી રહી ત્યાં સુધી એનું નામ રાષ્ટ્રસ્તરે વૉલીબૉલ ખેલાડી તરીકે જાણીતું થઈ ચૂક્યું હતું



વાત-વાતમાં

કુંતલ નિમાવત

knn786@gmail.com

અરુણિમા સિંહાનું નામ તો સાંભળ્યું જ હશે ! પોતાના મક્કમ ઈરાદાઓ સામે જેણે હિમાલયનેય નહોતો સાંખ્યો એ વીરાંગના એટલે અરુણિમા સિંહા.

અરુણિમા સિંહાનો જન્મ ૧૯૮૮માં ઉત્તર પ્રદેશના અંબેડકર નગર જિલ્લાના શહજાદપુર વિસ્તારના પંડાટોલા મહોલ્લામાં થયો હતો. એને નાનપણથી જ વૉલીબૉલ રમવાનો ભારે શોખ. વૉલીબૉલની રમતમાં આગળ વધવું અને દેશને સન્માન અપાવવું એ એનું કાયમનું સ્વપ્ન હતું. એ માટે પોતે પ્રયત્નરત પણ હતી અને એ જ કારણે પોતે અભ્યાસ પૂર્ણ કરી રહી ત્યાં સુધી એનું નામ રાષ્ટ્રસ્તરે વૉલીબૉલ ખેલાડી તરીકે જાણીતું થઈ ચૂક્યું હતું. પોતે પોતાનાં સ્વપ્નોની નજદીક પહોંચી ગઈ છે એવું એને લાગતું હતું ત્યાં એક દુર્ઘટના બની.

૧૧ એપ્રિલ, ૨૦૧૧ના રોજ પદ્માવતી ઍક્સપ્રેસમાં બેસીને લખનૌથી દિલ્હી જઈ રહી હતી ત્યારે કેટલાક રીઢા અપરાધીઓ ટ્રેનમાં દાખલ થઈ ગયા. અરુણિમાને એકલી જોઈને એના ગળામાં પહેરેલી ચેઈન ખેંચવાનો એમણે પ્રયાસ કર્યો. અરુણિમાએ વિરોધ કર્યો તો એને ચાલતી ટ્રેને બહાર ફેંકી દેવામાં આવી. અરુણિમાનો એક પગ પાટા વચ્ચે આવી ગયો ને સંપૂર્ણપણે કપાઈ ગયો. બરેલી સ્ટેશન પાસે પડી પડી એ ક્યાંય સુધી ચીસો પાડતી રહી. ૪૦-૫૦ ટ્રેન પસાર થઈ ગયા પછી એ પોતાના જીવનની આશા ગુમાવી ચૂકી હતી પરંતુ એ આશા પૂર્ણ ન થઈ.

કોઈએ એને જોઈ લીધી અને એને તાત્કાલિક હૉસ્પિટલ પહોંચાડવામાં આવી, જ્યાં ચાર મહિના સુધી એ જિંદગી અને મોત સામે લડતી રહી. આખરે જિંદગીની જીત થઈ અને એના કપાયેલા ડાબા પગને કૃત્રિમ પગના આધારે જોડી દેવામાં આવ્યો. હવે પોતે વૉલીબૉલ તો રમી શકે એમ નહોતી, પણ તેમ છતાં કંઈક કરવાનું તો નક્કી કરી જ લીધું હતું. મોટાભાઈ ઓમપ્રકાશે એને હિમાલય સર કરવાની પ્રેરણા આપી અને દુનિયાના સૌથી ઊંચા ગિરિશિખર ઍવરેસ્ટને સર કરવાનો નિર્ણય એણે કરી લીધો.

આ નિર્ણયને પૂર્ણ કરવાના પ્રથમ પગલારૂપે ઍવરેસ્ટ સર કરનારી પ્રથમ ભારતીય મહિલા બચેન્દ્રી પાલને મળવા એ જમશેદપુર પહોંચી. અરુણિમાની હાલત જોઈને બચેન્દ્રીએ એને આરામ કરવાની સલાહ આપી. પરંતુ, અરુણિમાના અડગ નિર્ણય સામે બચેન્દ્રી નતમસ્તક થઈ ગઈ. આખરે એણે પ્રેરણાદાયી શબ્દો અરુણિમાને કહ્યા, ‘તારો ઉત્સાહ તો ઍવરેસ્ટથી પણ ઊંચો છે. બસ, તારે હવે તારા વિજયની તારીખ લખવાની છે.’

એ પછી અરુણિમાએ બચેન્દ્રી પાલના માર્ગદર્શનમાં કાશી, નેપાળ, લદ્દાખમાં પર્વતારોહણની તાલીમ લીધી, ટાટા સ્ટીલ એડવેન્ચર ફાઉન્ડેશનમાં શિક્ષણ મેળવ્યું, નહેરુ ઈન્સ્ટીટ્યુટમાંથી પર્વતારોહણનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો. સંપૂર્ણ તૈયારી કરી લીધા પછી ૩૧ માર્ચ, ૨૦૧૩ના રોજ માઉન્ટ ઍવરેસ્ટ તરફ એણે કૂચ કરી. ૫૨ દિવસની આકરી મહેનત પછી ૨૧ મે, ૨૦૧૩ના રોજ એણે ઍવરેસ્ટ સર કર્યો અને ઍવરેસ્ટ સર કરનારી પ્રથમ મહિલા બની ગઈ. રામકૃષ્ણ મિશન દ્વારા અરુણિમાના આ અભિયાન માટે ફંડ એકત્ર કર્યું હતું.

આ દરમિયાન સાથેના સ્ટાફે અનેકવાર અરુણિમાને રોકાઈ જવાની ને પાછા ફરી જવાની સલાહ આપી, પરંતુ અરુણિમા ન માની. એ હંમેશાં કહેતી કે ‘કિસ્મત સૌને પગ આપે છે, પરંતુ મારી પાસે લોઢાના પગ છે, જેનાથી હું આ પર્વતને સર કરી શકીશ.’

આ અરુણિમા સિંહા ગાંધીનગરની મહેમાન બની રહી છે.

અરુણિમાની આ આખીય કથા પર એક પુસ્તક તૈયાર થયું છે, જેનું નામ છે ‘વિશ્વાસનું ઍવરેસ્ટ.’ અરુણિમાની સચિત્ર અને સંઘર્ષમય દાસ્તાન ગૂર્જર પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં સમાવવામાં આવી છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓ પી કોહલીજીના વરદ્ હસ્તે પૂ. સ્વામી નિખિલેશ્વરાનંદજી (અધ્યક્ષ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)ના પાવન સાંનિધ્યમાં આ પુસ્તકનું લોકાર્પણ ગાંધીનગર રાજભવન ખાતે આગામી તા. ૨૦ માર્ચના રોજ થઈ રહ્યું છે. આ પ્રસંગે અરુણિમા સિંહા ગાંધીનગરમાં ઉપસ્થિત રહેશે. રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

